ઇરાનની વળતરની માગ સામે ટ્રમ્પે માર્યા ગયેલા અમેરિકનો માટે વળતર માગ્યું

દાયકાઓથી ઇરાન અને તેના ટેકેદારો ઉગ્રવાદીઓના ઉધામાને કારણે માર્યા ગયેલા સેંકડો અમેરિકન સૈનિકો અને નાગરિકો માટે ટ્રમ્પ વળતર માગે છે

ઇરાન સરકારના દમનમાં માર્યા ગયેલા ઇરાની વિરોધ પ્રદર્શનકારીઓનાં મોત બદલ પણ વળતર આપવા કહ્યું

વિભાજનના સંકેતો વચ્ચે ઇરાનના લીડર 'એકતા'ની હાકલ કરે છે

ઈરાનના પ્રમુખે સોમવારે જણાવ્યું હતું કે દેશના સર્વોચ્ચ નેતા એકતા અને સુમેળ માટે હાકલ કરી રહ્યા છે, કારણ કે ઈસ્લામિક રિપબ્લિક (ઈરાન) અમેરિકા સાથેના તેના યુદ્ધને કારણે આર્થિક મુશ્કેલીઓ અને પ્રતિબંધોનો સામનો કરી રહ્યું છે. દરમ્યાન, ઇરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઇએ રિવોલ્યુશનરી ગાર્ડના ભૂતપૂર્વ વડાની નિમણૂક દેશની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના વડા તરીકે કરી છે.

વૉશિંગ્ટન, દુબઇ, તા. ૧૧: કરાર માટે ઈરાને મૂકેલી નવી શરતોમાં એક શરત એ પણ છે કે અમેરિકા ઈરાનને યુદ્ધને કારણે થયેલ નુકસાન બદલ વળતર આપે. આની સામે વળતા પ્રહારમાં અમેરિકી પ્રમુખ ટ્રમ્પે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે ઈરાને તે તમામ અમેરિકી સૈનિકો અને નાગરિકોના મોત બદલ વળતર આપવું જોઈએ જેઓ દાયકાઓથી ઈરાન અને તેના સમર્થકોના ઉધામાઓને કારણે વિવિધ સ્થળે માર્યા ગયા છે.

દાયકાઓના આર્થિક પ્રતિબંધો ઈરાનને અણુ કાર્યક્રમમાં આગળ વધતા રોકી શક્યા નથી ત્યારે હવે ટ્રમ્પ એવું ધારે છે કે તેમની આ નવી વ્યુહરચના ઈરાનને ઘૂંટણિયે પાડી શકશે. સોમવારે ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટ ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈના એ નિવેદન પછી આવી છે, જેમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા તેમની શરતો પૂરી નહીં કરે ત્યાં સુધી ઈરાન હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલશે નહીં. તેહરાન ઈચ્છે છે કે અમેરિકા ઈરાની બંદરોની નાકાબંધી ખતમ કરે, આર્થિક પ્રતિબંધો હટાવે અને ઈરાનની જપ્ત કરાયેલી સંપત્તિ મુક્ત કરે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકાએ યુદ્ધના નુકસાન માટે વળતર ચૂકવવું પડશે. ટ્રમ્પે જવાબ આપ્યો કે તેઓ હવે ઈરાન પાસેથી એવા તમામ લોકો માટે વળતરની માંગ કરી રહ્યા છે, જેમને તેઓએ રોડસાઇડ બોમ્બ અને અસંખ્ય સંઘર્ષો દ્વારા માર્યા છે અને ગંભીર રીતે ઘાયલ કર્યા છે.

ઈરાન યુદ્ધ વચ્ચે પાકિસ્તાનના ગૃહ મંત્રી તેહરાન પહોંચ્યા

નકવીએ ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી સાથે મુલાકાત કરી, યુદ્ધ સમાપ્ત કરાવવા પાકિસ્તાનની મધ્યસ્થીની કોશિશ

ઈસ્લામાબાદ, તા. 11 (પીટીઆઈ): ઈરાન-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસો વચ્ચે પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસિન રઝા નકવી મંગળવારે તેહરાન પહોંચ્યા અને ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાઘચી સાથે વાતચીત કરી. ઈરાની મીડિયા અનુસાર, નકવીની મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સંબંધો અને પરસ્પર હિતના મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ હતી. ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સી IRNAએ નકવી અને અરાઘચીની મુલાકાતના ફોટા પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા હતા. જોકે, બંને દેશની સરકારોએ બેઠકની વિગતો અંગે હજુ કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી. પાકિસ્તાન કતાર જેવા ગલ્ફ દેશોના સમર્થનથી અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. હાલ યુદ્ધ ચાલુ રહેવાનું મુખ્ય કારણ હોર્મુઝની સામુદ્રધુની પરનો અવરોધ માનવામાં આવે છે. સામાન્ય સ્થિતિમાં વિશ્વના આશરે પાંચમા ભાગના ઊર્જા પુરવઠાની અવરજવર આ જળમાર્ગથી થાય છે.

ઈરાનના ગૃહમંત્રી ઈસ્કંદર મોમેનીએ એક મહિના અગાઉ ઈસ્લામાબાદ જઈને નકવી સાથે વાતચીત કર્યાના થોડા સમય બાદ આ મુલાકાત થઈ છે. જૂનમાં અમેરિકા અને ઈરાને શાંતિ માટે આગળની વાતચીત માટે 60 દિવસની તક આપતા સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. પાકિસ્તાન પણ તેનો ગેરંટર બન્યું હતું. સ્વિટ્ઝર્લેન્ડમાં શિખર બેઠક પણ યોજાઈ હતી.

અમિત શાહ સંસદમાં જવાબ આપે તે માટે સરકારે શરત મૂકી

પંજાબ અને ઝારખંડમાં થયેલા આંદોલનોનો પણ ચર્ચામાં સમાવેશ કરવાનો આગ્રહ

FCRAને જેપીસી સમક્ષ મોકલવા સરકાર તૈયાર, જો કે આ બાબતે વિપક્ષમાં મતભેદ

નવી દિલ્હી, તા. ૧૧: ચોમાસુ સત્ર પૂરું થવામાં હવે માત્ર બે જ દિવસ બાકી રહ્યા છે, જે લગભગ ધોવાઈ ગયું છે ત્યારે સરકાર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન, રામ મંદિર દાન કેસ અને ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ(FCRA) પર ચર્ચા અંગે વિપક્ષ સાથેની મડાગાંઠ ખતમ કરવા આતુર છે. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિદ્યાર્થીઓના આંદોલન પર જે જવાબ આપશે તેના માટે સરકારે શરતો મૂકી છે. સરકારે કહ્યું છે કે આ જવાબમાં વિપક્ષ શાસિત પંજાબ અને ઝારખંડમાં થયેલા આંદોલનોનો પણ સમાવેશ કરવામાં આવશે.

વધુમાં, સરકારે વિપક્ષને જણાવ્યું છે કે અમિત શાહ જવાબ આપે તે પહેલા આ મુદ્દે યોગ્ય ચર્ચા થવી જોઈએ. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, માત્ર નિવેદન બહાર પાડવું એ એક ઔપચારિકતા બની રહેશે; અમે યોગ્ય ચર્ચા ઈચ્છીએ છીએ, માત્ર નિવેદન નહીં. બીજી બાજુ, રાહુલે સોમવારે એક પત્રકાર પરિષદમાં કહ્યું, પ્રશ્ન ક્યારેય એ નહોતો કે અમિત શાહ સંસદમાં આવીને ભાષણ આપશે. પ્રશ્ન હંમેશા એ રહ્યો છે કે અમિત શાહે એ સ્પષ્ટ કરવું પડશે કે દિલ્હીમાં ફાયરિંગની મંજૂરી કોણે આપી હતી. રાહુલ ગાંધીએ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની માફી માંગવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ વિનંતી કરી છે અને અયોધ્યામાં રામ મંદિરમાં દાનની ચોરી અંગે જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે.

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, જીલ્લે નવસારી તાલુકે જલાલપોરના **મોજે ઉભરાટ** ગામના **બ્લોક/સર્વે નંબર-૮૫૪ (જુનો બ્લોક/સર્વે નંબર-૮૩૧)** ક્ષેત્રફળ ૦-૦૮-૪૬ હે.આરે.ચો.મી. આકાર રૂા.૦.૪૦ પૈસા વાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **૧. મેમુનાબેન ફકીરભાઈ શેખ, ૨. અલ્લારખુ ફકીરભાઈ શેખ, ૩. જેતુનબેન શબ્બીરભાઈ ફકીરભાઈ શેખની વિધવા, ૪. ઉવેશ શબ્બીરભાઈ શેખ, ૫. નાઝમીન તે શબ્બીરભાઈ ફકીરભાઈ શેખની પુત્રી અને રઝુદીન શેખની પત્ની, ૬. મોસીન શબ્બીરભાઈ શેખ, ૭. મહેમુદા અલ્લારખુ શેખ, ૮. સમીરા તે અલ્લારખુ શેખની પુત્રી તે યાસિન હાથીવાલાની પત્ની, ૯. સીરીન તે અલ્લારખુ શેખની પુત્રી તે જલીલ શેખની પત્ની, ૧૦. મહમદજુનેદ અલ્લારખુ શેખ, ૧૧. સાદેકાબાનું તે અલ્લારખુ શેખની પુત્રી તે એઝાઝ શેખની પત્ની, ૧૨. હૈદર અલ્લારખુ શેખ, ૧૩. સાહીનબાનુ તે અલ્લારખુ શેખની પુત્રી તે ઈરફાનમહમદ કોટીયાની પત્નીના** સંયુક્ત નામે તેમજ માલિકી હકકે કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે જેઓએ મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે સદર ખેડખાતાની ખેતીની જમીનમાં કોઈપણ વ્યકિત, વારસદાર, ભાઈઆત, સંસ્થા કે ઇસમોનો બોજો, લીયન, બેંક લોન, કબજો-ભોગવટો, હકક-હિત-હિસ્સો-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, કોઈપણ કોર્ટ કચેરીના કેસો, તર-તકરાર, હિત-સંબંધ, ઇઝમેન્ટ કે તે મતલબનાં કુલમુખત્યારનામા, સાટાખત, બાનાખત, સંમતીપત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરોખત, ભાડાખત વિગેરે પ્રકારના લખાણો હોય કે લેણુ કે કોઈ હકકો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહું ખેતીની જમીનમાં કોઈપણ વ્યકિત, વારસદાર, ભાઈઆત સંસ્થા કે ઇસમોનો બોજો, લીયન, બેંક લોન, કબજો-ભોગવટો, હકક-હિત-હિસ્સો-અધિકાર કે વિગેરે પ્રકારનાં કોઇ લખાણો કે લેણું નથી અને જો હોય તો તે આથી જતો કરેલો છે એટલે કે ''વેઇવ'' કર્યા છે તેમ માની સદર જમીનના માલિક સંયુકત રીતે કાયદેસરનો અવેજ સ્વીકારી હમારા અસીલને પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે. અને તે અંગે ભવિષ્યમાં કોઇ વ્યકિત કે સંસ્થાના કોઇપણ પ્રકારના વાંધા-હરકત કે તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને કોઈપણ જાતના હકક પ્રાપ્ત થશે નહી તેમજ હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ. સદર નોટીસ હમારા અસીલની ફરમાઇશ અને સુચનથી કરેલ છે જેની સ્પષ્ટ કાયદેસરની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

તારીખ : ૧૧/૦૮/૨૦૨૬

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે મારી મારફત. **રવિન્દ્ર પી. મઠિયા (એડવોકેટ)**
૧૦૨ પહેલા માળે, અરવિંદ ટાવર બિલ્ડીંગ, પ્રજાપતિ આશ્રમની બાજુમાં, ચીમનાબાઈ રોડ, નવસારી તા. જી. નવસારી. મો: ૯૯૦૯૬ ૪૮૩૭૩

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

રીજનલ ઓફિસ : હોટલ સ્કાયલાઈન બિલ્ડીંગ,કોલેજ રોડ, ભરૂચ-૩૯૨૦૦૨ (ગુજરાત)ફોન.: ૦૨૬૪૨-૨૦૫૦૩૪/૩૫
email: recovery.bharuch@bankofbaroda.com

સુધારો

આથી તા.૧૧.૦૮.૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબારમાં છપાયેલ શ્રીધર સોસાયટી શાખા, ભરૂચની તા.૦૧.૧૦.૨૦૨૬ ના રોજ, આયોજીત ઈ-હરાજી નોટીસ માં હરાજી તા. ૦૧.૧૦.૨૦૨૬ અને નિરીક્ષણની તારીખ ૦૧ અને ૧૨ સપ્ટેમ્બરના ના સંદર્ભમાં જણાવવાનું કે. ઈ-હરાજી ની તારીખ ભુલ અને શરતયુકથી તા.૦૧.૧૦.૨૦૨૬ ખોટી છપાયેલ છે. જે સુધારીને ખરી ઈ-હરાજી વેચાણ નોટીસની તારીખ ૦૧.૦૯.૨૦૨૬ ના રોજ, નિરીક્ષણ તારીખ ૧૭ થી ૨૧ ઓગષ્ટ ૨૦૨૬ વાંચવી.
આ હરાજીની બીજી બધી વિગતો યાથાવત રહેશે.

તા.૧૨.૦૮.૨૦૨૬ । સ્થળ ભરૂચ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

સીરિયાના ભૂતપૂર્વ પ્રમુખ બશર અસ્સાદને યુદ્ધ ગુનાઓ બદલ મોતની સજા

બશર અને તેમના નાના ભાઇ માહેરને તેમની ગેરહાજરીમાં અદાલતે મોતની સજાનો આદેશ આપ્યો, બંને ભાઇઓ હાલ રશિયામાં છે

બશરના પિતરાઇ ભાઇ નજીબને પણ ક્રૂરતાઓ બદલ દેહાંત દંડ સંભળાવાયો, નજીબ અદાલતમાં હાજર હતો

દમાસ્કસ, ૧૧ ઓગસ્ટ (AP): સીરિયાની એક અદાલતે મંગળવારે દેશના પદભ્રષ્ટ પ્રમુખ બશર અસ્સાદ અને તેમના નાના ભાઈને તેમની ગેરહાજરીમાં ફાંસીની સજા ફટકારી છે.

સીરિયામાં ૧૪ વર્ષ સુધી ચાલેલા સંઘર્ષ દરમિયાન માનવતા વિરુદ્ધના ગુનાઓ અને યુદ્ધ અપરાધો માટે તેમને આ સજા સંભળાવવામાં આવી છે. આ ગૃહયુદ્ધમાં અંદાજે ૫ લાખ લોકોનાં મોત થયા હતા.

દમાસ્કસની ફોર્થ ક્રિમિનલ કોર્ટ દ્વારા સંભળાવવામાં આવેલી આ સજા, અસદ પરિવારના પાંચ દાયકા શાસનનો અંત આવ્યાના ૨૦ મહિના પછી, અસદ અથવા તેમના નજીકના વર્તુળના સભ્યો વિરુદ્ધની પ્રથમ સજા છે. સરકારી ટીવી પર લાઈવ પ્રસારિત કરાયેલા કોર્ટ સત્ર દરમિયાન ન્યાયાધીશ ફખરેદ્દીન અલ-આર્યાને જણાવ્યું હતું કે, બશર અસદે યુદ્ધ અપરાધો અને માનવતા વિરુદ્ધના ગુનાઓ આચરવા માટે સરકારી એજન્સીઓનો દુરુપયોગ કર્યો હતો. અસદના માતૃપક્ષના પિતરાઈ ભાઈ આતિફ નજીબને પણ ફાંસીની સજા ફટકારવામાં આવી છે. નજીબ પર દક્ષિણના પ્રાંત દારામાં કડક કાર્યવાહી અને અત્યાચાર ગુજારવાનો આરોપ સાબિત થયો હતો, જેના કારણે જ દેશમાં વિદ્રોહ ફાટી નીકળ્યો હતો અને પાછળથી તે ગૃહયુદ્ધમાં ફેરવાઈ ગયો હતો. અલ-આર્યાને જણાવ્યું હતું કે નજીબ આ ચુકાદા સામે અપીલ કરી શકે છે.

મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઈ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

કબ્જા નોટિસ (સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8(1) સાથે વંચાણે લેતાં પરિશિષ્ટ IV મુજબ)
જેમાં, સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તા દ્વારા સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણે લેતાં કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ દેવાદાર(રો)/જામીનદાર(રો)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માંગણી નોટિસ આપેલ. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી દેવાદાર(રો)/ સહ-દેવાદાર(રો)/ જામીનદાર(રો) અને આમ જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વંચાણે લેતાં સદર એક્ટની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લીધો છે. ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે સદર મિલકત અંગે કોઈ વ્યવહાર કરવો નહીં અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર તેના પર વ્યાજ સહિત અહીં નીચે જણાવ્યા મુજબની રકમ માટે મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો મુક્ત કરવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે દેવાદારનું ધ્યાન આ કાયદાની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

અ. નં.	દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો) ના નામ / લોન એકાઉન્ટ નં./શાખા	સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત	માગણી નોટિસ તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.)	કબ્જો લીધા તારીખ
1.	ધનરાજ નિમ્બા પાટીલ / ચતુર નિમ્બા પાટીલ / લતાબાઈ નિમ્બા પાટીલ / 004-00000739 / સુરત	જિલ્લાઃ સુરત, તાલુકાઃ પલસાણા, મોજે ગામ જોળવાના રેવન્યુ સરવે નં. 100, 101, બ્લોક નં. 85 (કુલ ક્ષેત્રફળ હે. 3-99-56 ચો.મી.)માં આવેલ "સાંઈ આંગણ રેસીડેન્સી" માં પ્લોટ નં. 417 ક્ષેત્રફળ 61.67 ચો.વાર એટલે કે 51.57 ચો.મી. (કેજેપી બ્લોક નં. 85/417 ક્ષેત્રફળ 70.72 ચો.મી. મુજબ) વાળી તમામ સ્થાવર મિલકત. ચતુર્સીમાઃ ઉત્તરેઃ પ્લોટ નં. 416 દક્ષિણેઃ પ્લોટ નં. 418 પૂર્વેઃ સાંઈ દીપ રેસીડેન્સી પશ્ચિમેઃ આર.સી.સી. રોડ	24-એપ્રિલ-2026 / રૂ. 11,98,326/- (અંકે રૂપિયા અગિયાર લાખ અઠ્ઠાણું હજાર ત્રણસો છવ્વીસ પૂરા)	11-Aug-2026

તારીખઃ 12 ઓગસ્ટ, 2026 સ્થળઃ સુરત — સહી/- અધિકૃત અધિકારી, મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટના **મોજે ગામ : માસમા**ની સીમમાં **બ્લોક નં.૧૪૯/બ** થી નોંધાયેલી બિનખેતી પ્રિમિયમને પાત્ર ખેતીના હેતુ માટે જુની શરતની જમીન આવેલ આવેલી છે. જેનું ક્ષેત્રફળ ૧ હેકટર ૧૪ આરે ૩૨ ચો.મી.મીટર છે અને આકાર રૂા.૧૪-૫૦ પૈસા છે, તે પિયતવાળી ખેતીની જમીન **(૧) શાંતિલાલ નરોત્તમદાસ તથા (૨) એ.ફુ.વ.ક. હસુમતિબેન જયંતીભાઈનાઓની** સંયુકત માલિકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા માંગે છે. જેથી ઉપર જણાવેલ જમીનમાં અન્ય કોઇનો કોઇપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક-હિસ્સો, હિત-સંબંધ યા લિયનનો હકકો યા અન્ય કોઇના રસ્તો વપરાશના ઇઝમેન્ટના હકકો યા બેંક-મંડળી, સંસ્થા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ કોઇને વાંધો હોય તો તેઓએ લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધિથી દિન-૭ માં મને નીચેના સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઇ હકક, વાંધા રજુ થશે નહી તો કોઇના હકક દાવા વિગેરે નથી, અને હોય તો તે છોડી દીધા યાને વેવ કર્યા છે તેવું માની મારા અસીલ સદર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઇના કોઇપણ વાંધા કે તર-તકરાર ચાલશે નહી. જેની નોંધ લેશો.

સરનામાં : લુપ્રીત આર્કેડ, ત્રીજા માળે, પેટ્રોલ પંપની બાજુમાં, ઓલપાડ મેઇન રોડ, મુ.પો.તા. ઓલપાડ, જિ.સુરત. મો. ૯૮૨૫૨ ૭૪૨૮૧ (તા. ૧૨/૦૮/૨૦૨૬)

ભગવતીભાઈ પી. પટેલ
જયદેવસિંહ સી. ઠાકોર
દક્ષાબેન બી. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ્સ એન્ડ નોટરીઝ્

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! — punjab national bank ...the name you can BANK upon !

બીઓ : મોટા વરાછા શાખા (૯૭૨૭૦૦): દુકાન નં. ૧ થી ૬ ધારા આર્કેડ, સ્વામીનારાયણમંદિર નજીક, મહાદેવ ચોક, મોટાવરાછા, સુરત, ગુજરાત– ૩૯૪૧૦૧ ફો નં.: ૬૩૫૫૫૫૧૦૧ Email : bo9727@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી ચિરાગભાઈ જયસુખભાઈ ગજેરા (દેવાદાર/ગીરવેદાર), શ્રીમતી ભાવનાબેન જયસુખભાઈ ગજેરા (સહદેવાદાર/ગીરવેદાર), અને શ્રી જયસુખભાઈ ગોકુલભાઈ ગજેરા (સહદેવાદાર/ગીરવેદાર) સરનામું : પ્લોટ નં.૧૨૮ શાંતિ નિકેતન રેસીડેન્સી, કઠોદરા રોડ, કઠોદરા, સુરત અને ૧૨૨ અક્ષરધામ સોસાયટી, સરથાણા જકાતનાકા, સુરત.શ્રી ઘનશ્યામભાઈ હિમ્મતભાઈ પડસાલા (જામીનદાર) – સરનામું : ફ્લેટ નં.સી–૫૦૩, મધુરમ રેસીડેન્સી, યોગી ચોક, પુણાગામ, સુરત.** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદારો ના નામ	સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ ૩૦.૦૭.૨૦૨૬ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી ચિરાગભાઈ જયસુખભાઈ ગજેરા (દેવાદાર/ગીરવેદાર) શ્રીમતી ભાવનાબેન જયસુખભાઈ ગજેરા (સહદેવાદાર/ગીરવેદાર) શ્રી જયસુખભાઈ ગોકુલભાઈ ગજેરા (સહદેવાદાર/ગીરવેદાર) શ્રી ઘનશ્યામભાઈ હિમ્મતભાઈ પડસાલા (જામીનદાર) ખાતા નં. ૯૭૨૭૦૦NC૦૦૦૦૦૩૭૬	**(મોર્ગેજ કરેલ સ્થાવી મિલકત)** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'શાંતીનિકેતન રેસીડેન્સી' ના નામે જાણીતી હાઉસીંગ સોસાયટી નો પ્લોટ નં.૧૨૮ (પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં.બી–૧/૧૪૫ અને કેજેપી દુરસ્તી બ્લોક નં. ૧૧/૧૪૫ /બી/૧) એરિયા માપ ૩૯.૪૦ ચો.મી, જોડેની જમીન માપ ૨૪.૭૯ ચો.મી (કુલ માપ ૬૪.૧૯ ચો.મીટર એટલે ૭૬.૭૮ ચો.વાર બરાબર) વણવહેચાયેલ હિસ્સા માપ ૪૦.૫૦ ચો.મી કોમન રોડ અને સીઓપી સહિત, જમીન ઉપર થયેલ નવા બાંધકામનો બ્લોક નં.૧૧ (જૂનો રેવન્યુ બ્લોક નં.૧૧ અને ૧૨, જૂનો સર્વે નં. ૪ અને ૮ તેનો બ્લોક નં. ૨ અને ૮) મોજે ગામ.કઠોદરા, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : જમીન બ્લોક નં.૧૧/૧૪૪/બી/૧, **દક્ષિણ તરફ** : ૧૧/૧૪૪/બી/૧, **પુર્વ તરફ** : રોડ, **પશ્ચિમ તરફ** : ૧૧/૧૧૨/બી/૧	૦૪.૦૮.૨૦૨૬	૨૯.૦૬.૨૦૨૬	રૂા.૪૬,૧૪,૧૩૨.૨૧

ઉપરોકત દેવાદાર ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.
તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.
દેવદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૪.૦૮.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

બૅંક ઑફ બડૌદા Bank of Baroda એપીએમસી કુંભાલ શાખા : કિરણ મોટર્સ નજીક, પુણા–કુંભારીયા રોડ, કુંભાલ, સુરત–૩૯૫૦૧૦ E-mail : dumsur@bankofbaroda.com

સુધારો

આથી તા.૨૩.૦૬.૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબારમાં છપાયેલ એપીએમસી કુંભાલ શાખા, પ્રતીક પ્રવિણકુમાર આચાર્ય (દેવાદાર) અને શ્રેયા પ્રતીક આચાર્ય (સહદેવાદાર) ની તા.૨૧.૦૬.૨૦૨૬ કબજા નોટીસ ના સંદર્ભમાં જણાવવાનું કે. ડિમાન્ડ નોટીસ ની તારીખ ભુલ અને શરતયુકથી તા.૦૩.૦૬.૨૦૨૬ ખોટી છપાયેલ છે. જે સુધારીને ખરી ડિમાન્ડ નોટીસની તારીખ ૦૬.૧૨.૨૦૨૫ ના રોજ વાંચવી.
આ નોટીસની બીજી બધી વિગતો યાથાવત રહેશે.

અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

ભાગવત 15 ઓગસ્ટે નાગપુરમાં 'જેન-ઝી' સાથે સંવાદ કરશે

નાગપુર, તા. 11 (પીટીઆઈ) રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવત 15 ઓગસ્ટે નાગપુરમાં લોકમત મીડિયા ગ્રુપ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે સંવાદ કરશે. એમ કાર્યક્રમના આયોજકોએ જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમ મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન આરએસએસ વડાના 'જેન-ઝી' સાથેના સંવાદના થોડા દિવસો બાદ યોજાઈ રહ્યો છે.

સ્વતંત્રતા દિવસ નિમિત્તે આ કાર્યક્રમ કસ્તુરચંદ પાર્ક ખાતે યોજાશે. એમ મીડિયા ગ્રુપે એક નિવેદનમાં જણાવ્યું હતું.

એક વિજ્ઞપ્તિ અનુસાર, ભાગવત સવારે 9.30 વાગ્યે કસ્તુરચંદ પાર્ક ખાતે ધ્વજવંદન કરશે, જ્યાં માર્ચ મહિનામાં લોકમત મીડિયા ગ્રુપ દ્વારા સ્થાપિત 200 ફૂટ ઊંચા રાષ્ટ્રીય ધ્વજનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કર્યું હતું.

ત્યાર બાદ એક વિશેષ કાર્યક્